Publication: Kesari| Edition: Junagadh
Date: April 26, 2024| Page No: 04|NDDB
Headline: NDDB signs MoU with Punjab National Bank

# એનડીડીબીએ પંજાબ નેશનલ બેંકની સાથે એમઓયુ કર્યું

(ગૌરવ ખત્રી દ્વારા)

અમદાવાદ તા.૨૫

મિલ્ક યુનિયનો/ફેડરેશનો, મલ્ટિ-સ્ટેટ કૉઓપરેટિવ્સ, ઉત્પાદક કંપનીઓ જેવી ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ અને એનડીડીબીની સહાયક કંપનીઓ સહિત સહકારી ક્ષેત્રમાં કાર્યરત લાભાર્થી સંગઠનો (બીઓ)ને ધીરાણ પૂરું પાડવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ (એનડીડીબી)એ પંજાબ નેશનલ બૅંક (પીએનબી)ની સાથે મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એસ. રઘુપતિ અને પીએનબીના જનરલ મેનેજર શ્રી દિપાંકર મહાપાત્રાએ એનડીડીબીના ચેરમેન શ્રી મીનેશ શાહની પાવન ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ૫ વર્ષ માટે લાગુ રહેશે.

આ પ્રસંગે એનડીડીબીના ચેરમેન શ્રી મીનેશ શાહે જણાવ્યું હતું કે, બંને સંગઠનો વચ્ચે સાધવામાં આવેલો આ સહકાર ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ માટે ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ અને વિકાસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ થવાથી ડેરી વેલ્યૂ ચેઈનમાં નિઃશંકપણે વધુ કાર્યક્ષમતા લાવશે. તેનાથી દૂધ અને દૂધના ઉત્પાદનોની વધતી જઈ રહેલી માંગને કારણે પેદા થયેલા પડકારોના સ્થાયી અને નવીન પ્રકારના ઉકેલો શોધવાના અમારા પ્રયાસો વધુ સમૃદ્ધ બનશે.

પાત્ર બીઓને ધીરાણ પ્રાપ્ત થાય તે માટે ડેરી બૉર્ડ પીએનબી સમક્ષ આવી બીઓને સમર્થન પૂરું પાડશે તથા મૂલ્યાંકન રીપોર્ટ તૈયાર કરવા માટે ટેકનિકલ સપોર્ટ અને સલાહ-સૂચનો પણ આપશે. વધુમાં એનડીડીબી કન્સલ્ટન્સી એગ્રીમેન્ટ હેઠળ એનડીબીબી દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રોજેક્ટ્સ માટે પીએનબીને પીરિયોડિક પ્રોગ્રેસ રીપોર્ટ સોંપશે.

પીએનબી પરસ્પર સંમત થયેલા કરારના આધારે સમયાંતરે આરબીઆઈની માર્ગદર્શિકા અને આંતરિક માર્ગદર્શિકા અનુસાર ડેરીઉદ્યોગ અને અન્ય સંબંધિત આંતરમાળખું વિકસાવવા માટે ટર્મ લૉનના સ્વરૂપમાં નાણાકીય સહાય પૂરી પાડશે. તેમાં બીઓના લાભ માટે કાર્યકારી મૂડીની સહાય અને ડેરી આંતરમાળખું વિકસાવવા, મૂલ્યવર્ધિત ઉત્પાદનોના ઉત્પાદન, દૂધના ટેસ્ટિંગ, ઢોરોના ઘાસચારા અને પૂરક આહાર, દૂધના પરિવહન, માર્કેટિંગના આંતરમાળખાં, આઈસીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંશોધન અને વિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જાનું



આંતરમાળખું અને કાર્યક્ષમતા વધારવા માટેનું અન્ય આંતરમાળખું, ડેરી ઉત્પાદનો અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના પૅકેજિંગ, તાલીમ કેન્દ્રો, ડેરી ઉપકરણોના ઉત્પાદન, બાયોલોજિકલ્સ અને ન્યુટ્રાસ્યુટિકલ્સ, ખાતરના મેનેજમેન્ટ વગેરે માટે ટર્મ લૉન પૂરી પાડવાનો સમાવેશ થાય છે. પીએનબી નીચા વ્યાજદરોએ નાણાકીય સહાય પૂરી પાડશે તથા કેન્દ્ર/રાજ્ય સરકારોની યોજના હેઠળ વ્યાજસહાય ઉપલબ્ધ છે કે નહીં તેની પણ જાણકારી મેળવશે.